1.હુમાયુની નિષ્ફળતાનાં કારણો આપો.

- બાબરના મૃત્યુ બાદ તેનો સૌથી મોટો શાહજાદો હુમાયુ ઈ. સ. 1530માં ગાદીએ બેઠો. 'હુમાયુ' શબ્દનો અર્થ 'ભાગ્યશાળી' થાય છે, છતાં તેના સંજોગો એને કારકિદી જોતાં એમ કહી શકાય કે એના જેવો બીજો કોઈ કમનસીબ બાદશાહ દિલ્લીની ગાદીએ બેઠો ન હતો. હુમાયુ એશમારામાં અને અફીણનો બંધાણી હતો. આથી તેના જીવનમાં પ્રમાદ, આળસ અને અનિર્ણાયકતા જેવા અનેક દુર્ગુણો આવી ગયા હતા. આ દુર્ગુણોને પરિણામે તેણે રાજ્યવહીવટમાં અને જીવનમાં ઘણી ગંભીર ભૂલો કરી.
- પિતા તરફથી મળેલા રાજ્યના ચાર ભાગ પાડી ભાઈનોને તે ભાગો વહેંચી દીધા. આ ભાઈઓએ તેને કોઈ મદદ કરી નહિ. ગુજરાતમાં સુલતાન બહાદુરશાહની સત્તાનો ઝડપથી વિકાસ થતો હતો, તે હુમાયુનો મુખ્ય હરીફ હતો. તેને પરાજય આપીને હુમાયુએ ગુજરાતનું રાજ્ય મેળવ્યું.
- પરંતુ પોતાના પ્રમાદી સ્વભાવને લીધે તેને ગુમાવવું પડ્યું. હુમાયુનો બીજો હરીફ ફરીદખા નામનો અફવાન હતો. આ બુદ્ધિશાળી અને બાહોશ સરદારે હુમાયુની નિર્બળતા અને બેદરકારીનો લાભ લઈ બિહાર અને બંગાળા જીતી લીધા અને 'શેરશાહ'ની પદવી ધારણ કરી. બંગાળ અને બિહારના પ્રદેશો જતાં હુમાયુએ શેરશાહ સામે યુદ્ધ કરવા પૂરતી તૈયારી કરી, પણ ઈ. સ. 1540ના કનોજના યુદ્ધમાં હુમાયુનો પરાજય થયો અને શેરશાહનો વિજય થયો. સિંધ અને પંજાબમાં રખડીને છેવટે હુમાયુ ઈરાનના શાહને શરણે ગયો.
- ઈ. સ. 1540થી 1555 સુધી તેને દેશવટો ભોગવવો પડયો. શેરશાહના વારસદારો નિર્બળ નીવડતાં અને નસીબે યારી આપનો હુમાયુએ સરહિંદના યુદ્ધમાં શેરશાહના વારસદાર સિકંદર સુરી નો ઈ. સ. 1555માં પરાજય કરીને પોતાનું રાજ્ય પરત મેળવ્યું. એક સાંજે તે પુસ્તકાલયમાંથી ઈદનો ચાંદ જોતાં સીડી ઊતરતો હતો ત્યારે મુઆઝીમની બાંગ સંભળાઈ. આથી હુમાયુ નમાજ પઢવા વાંકા વળવા જતાં સીડી પરથી લપસી પડ્યો. આ અકસ્માત જીવલેણ નીવડ્યો અને તે 24 જાન્યુઆરી, 1556માં અવસાન પામ્યો.

2. ફરીદખાને 'શેરખાન'નો ઈલકાબ કોણે આપ્યો?

- શેરશાહનું મુળનામ ફરીદખાં હતું. તેના પિતાનું નામ હસનખાં હતું. પિતા-પુત્ર વચ્ચે કોઈ અણબનાવના કારણે ઝગડાઓ ચાલ્યા કરતા હતો. હસનખાંએ ફરીદખાને વહીવટ સોંપ્યો. તેણે કરેલા મહેસૂલી સુધારાને કારણે તે લોકપ્રિય બન્યો. સમય જતાં તેણે પોતાની જાગીરનો ત્યાગ કરી બિહારનાં લોહાનીની સેવામાં રહ્યો. શિકાર દરમિયાન ફરીદખાએ તલવારના એક ઝાટકે વાઘને મારીને બિહારમાં લોહાનીનો જીવ બચાવ્યો. આથી લોહાનીએ ફરીદખાને 'શેર(વાઘ)ખાન'નો ઈલકાબ આપ્યો.

3. અકબરની ધાર્મિક નીતિ ટૂંકમાં જણાવો.

- અકબર પ્રતિભાશાળી અને દૂરંદેશી સમ્રાટ હતો. તેની રાજયનીતિનાં મહત્ત્વનાં અંગો તેની ધાર્મિક સહિષ્ણુતા અને ઉદાર રાજપૂત નીતિ હતી. પોતાના શાસનને સ્થિર અને સમૃદ્ધ બનાવવા માટે અકબરે હિન્દુઓનો સહકાર પ્રાપ્ત કરવા મંત્રી અને સહકારની નીતિ અપનાવી. સામ્રાજ્યની મોટા ભાગની વસ્તી હિન્દુઓની હતી. તેઓમાં વફાદારી, કર્તવ્યનિષ્ઠા અને હૃદયની નિખાલસતાના ગુણો હતા. અકબરે તે પારખ્યા હતા. રાજપૂતોની શક્તિથી પણ તે પરિચિત હતો. તેમને પોતાના કરી લેવા તેણે જોધાબાઈ અને અન્ય રાજપૂત કુંવરીઓ સાથે લગ્ન કરવાની નીતિ અપનાવી. અકબર જાણતો હતો કે તેની ધાર્મિક નીતિ, રાજપૂતો તરફની ઉદારનીતિ, હિન્દુઓ સાથેની

મૈત્રી વગેરેનો ઝનૂની મુસ્લિમો અને ઉલેમાઓ વિરોધ કરશે. પરંતુ તેણે પૂરેપૂરી સાવધાની રાખી પોતાનો વિરોધીઓને મહાત કરી દીધા. અકબરે ધર્મ, જાતિ, વર્ગ વગેરેના ભેદભાવોને દૂર કરી હિન્દુઓને પણ મુસલમાનોના જેવા સમાન નાગરિક અધિકારો અને તમામ શક્ય સુવિધાઓ આપ્યાં.

- યાત્રાળુવેરાની નાબૂદી : મુસ્લિમ રાજ્યમાં રહેતા હિન્દુઓને તેમનાં તીર્થસ્થાનોની યાત્રા કરતી વખતે રાજ્યને યાત્રાળુવેરો ચૂકવવો પડતો હતો . ઈ. સ. 1563માં અકબરે આ યાત્રાળુવેરો નાબુદ કર્યો. હિન્દુઓને પોતાનાં મંદિરોનું નિર્માણ કરવાની અને મંદિરો નો જીર્ણોદ્ધાર કરવાની છૂટ આપી.
- 'જજિયાવેરાની નાબૂદી' : મુસ્લિમ શાસનમાં લશકરી સેવામાંથી ના બદલામાં હિન્દુઓએ જજિયાવેરો આપવો પડતો હતો. અકબરે ઈ. સ. 1564માં આ વેરો નાબૂદ કરતાં હિન્દ્રો અને મુસલમાનૌને સમાન નાગરિકતા મળી. ઉચ્ચ હોદાઓ પર હિન્દુઓની નિમણૂક : મુસ્લિમ રાજ્યમાં ઉચ્ચ હોદાઓ પર માત્ર મુસ્લિમોની જ નિમણૂક થતી. હિન્દુઓને નિમ્ન હોદાઓ પર નીમવામાં આવતા. અકબરે ટોડરમલ, ભગવાનદાસ, માનસિહ, બીરબલ, જયમલ, બેદીચંદ વગેરે હિન્દુઓની ઉચ્ચ હોદ્ધઓ પર નિમણુક કરી. તે રાજ્યની નોકરીઓ જાતિ, ધર્મ અને વર્ગના ભેદભાવ વિના ગુલવત્તાને ધોરણે ખુલ્લી મુકવામાં આવી. મુંડકાવેરાની નાબૂદી : કાશી, મથુરા, હરદ્વાર વગેરે હિન્દુ યાત્રાધામોમાં યાત્રાળુઓએ ભરવો પડતો મુંડકાવેરો અકબરે નાબૂદ કર્યો. આમ, અકબરની હિન્દુઓ પ્રત્યેની ઉદારનીતિ અને રાજપૂતો પ્રત્યેની દેશી નીતિને કારણે મુઘલ સામ્રાજ્યનો વિકાસ થયો તથા હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય થયો

### 4. અકબરની રાજનીતિની સફળતાનાં બે કારણો દર્શાવો.

- અકબરની રાજનીતિની સફળતાનાં આ બે કારણો હતાં : (1) ધાર્મિક સહિષ્ણુતા અને (2) ઉદાર રાજપૂત નીતિ. અકબર એક મહાન વિજેતા હોવા ઉપરાંત કુશળ વહીવટકર્તા, દૂરંદેશી રાજનીતિજ્ઞ અને સુધારક હતો. પોતાના વિશાળ સામ્રાજ્યને તેણે 15 પ્રાંતોમાં વહેંચીને તેના વહીવટ માટે યોગ્ય વ્યવસ્થા કરી હતી. રાજા ટોડરમલની મદદથી તેણે જમીન-મહેલની નીતિને કાર્યક્રમ બનાવી હતી. તેણે શૈરશાહના સુધારાઓમાંથી પણ પ્રેરણા લીધી હતી. શેરશાહની હિન્દુઓ પ્રત્યેની સહિષ્ણુ નીતિને અકબરે સર્વોચ્ચ કક્ષાએ પહોંચાડીને મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તે રાજપૂતોને મિત્રો બનાવ્યા. એટલું જ નહિ, પરંતુ પોતાના સામ્રાજ્યની હિન્દુ પ્રજા પરનો જજિયાવેરી અને યાત્રાળુવેરો રદ કરીને તેમનાં દિલ જીતી લીધાં. પોતાનાં રાજ્યમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના હિન્દુઓને પણ તેણે ઉચ્ચ હોદાઓ આપ્યા.
- રાજપૂતો સાથે લગ્નસંબંધો બાંધી તેણે એકતાની સ્થાપના કરી. અકબરની રાજનીતિમાં હિન્દુ-મુસ્લિમ પ્રજા વચ્ચેના ભેદભાવોનું સ્થાન ન હતું. તેની આ નીતિનો આવિષ્કારરૂપે તો ફતેહપુર સીકરીના ઈબાદતખાનામાં દરેક ધર્મના વિદ્વાનોને બોલાવ્યા અને તેમને આદરપૂર્વક સાંભળ્યા. બધા ધર્મોના ઉત્તમોત્તમ લક્ષણોને લઈને તેણે 'દાન-ઈલાહી' નામના નવા ધર્મની સ્થાપના કરી. આમ કરીને તેણે પોતાની વિવિધ ધર્મ પાળતી પ્રજાને એક રંગમંચ પર લાવવાનો પ્રયત્ન કર્યો. આમ છતાં, પોતાના નવા ધર્મના પ્રચાર માટે તેણે કોઈ જોહુકમી કરી નહોતી.

### 5. અકબરની શાસનવ્યવસ્થા કેવા પ્રકારની હતી?

- અકબરે બંગાળથી મધ્ય એશિયા સુધી અને હિમાલયની તળેટીથી અહમદનગર સુધીના પોતાના વિશાળ સામ્રાજ્યના 15 પ્રાંતો પાડી સુગ્રથિત વહીવટીતંત્ર ઊભું ક્યું હતું. પોતાના વિશાળ સામ્રાજ્યમાં ફાટફટ ન પડે,

મધ્યસ્થ સત્તા નબળી ન પડે, પ્રાંતના સુબાઓને બળવો કરવાની તક ન મળે એવી શાસનવ્યવસ્થા તેણે બુદ્ધિપૂર્વક અને દૂરંદેશીથી પ્રયોજી હતી અને તમામ સત્તા પોતાના હાથમાં રાખી. લશ્કર તથા રાજ્યના નાના-મોટા તમામ અધિકારીઓને પગારદાર નોકરો બનાવી રાજ્યતંત્રને તેણે સારી સ્થિતિમાં મૂક્યું હતું. અકબરે લશ્કરના ઉપરી અધિકારીઓ તરીકે શક્તિશાળી હિન્દુઓની નિમણુક કરી હતી. પોતાના સામ્રાજ્યનો કોઈ પણ ભાગમાં બનતા બનાવોની પોતાને તરત જ ખબર પડે તે ઉદ્દેશથી તેણે જાસુસીતંત્રની વ્યવસ્થા ગોઠવી હતી.

➢ અકબર માનતો હતો કે રાજાએ પ્રજાના ભિન્ન ભિન્ન વર્ગો તરફ સમાનતા રાખવી જોઈએ અને એક પિતાની જેમ પોતાની પ્રજાને સમાન પ્રેમ આપવો જોઈએ, અકબરે આ ભાવના પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવી, તેણે પોતાના સામ્રાજ્યમાં સૌને પોતપોતાના ધમાં કે પંથો પાળવાની છૂટ આપી હતી.. રાજપૂતો સાથે લગ્નસંબંધો બાંધી તેણે દિવાળી અને હોળી જેવા ઉત્સવો ઉજવવાની શરૂઆત કરી. તેણે સામ્રાજ્યના બધા જ ભાગોમાં એકસરખી રાજ્ય પદ્ધતિ, મહેસૂલ પદ્ધતિ અને કાનૂન પદ્ધતિ (ન્યાય વ્યવસ્થા) દાખલ કરીને ભારતમાં રાષ્ટ્રીય એકતા સ્થાપી. અકબરે જમીન-મહેસૂલ માટે શેરશાહની પદ્ધતિ અખત્યાર કરીને, એ પદ્ધતિમાં સુધારાવધારા કરવા માટે મુખ્ય સલાહકાર તરીકે ટોડરમલને નીમ્યો. ટોડરમલે રાજ્યની તમામ જમીનના તેની ફળદ્રુપતા પ્રમાણે ભાગ પાડ્યા અને આગળના વર્ષોની ઊપજની સરેરાશ આવક ગણી. દરેક જમીનનું મહેસૂલ નક્કી કર્યું. આ જમીન-મહેસૂલ પદ્ધતિને પરિણામે ખેડૂતોનાં રાજ્યકરતાં ઓ પ્રત્યેનો વિશ્વાસ દઢ થયો.

### 6. અકબરના દરબારના નવ રત્નો કયાં કયાં હતાં?

➢ અકબર પોતે શિક્ષિત ન હતો, પરંતુ તે સમયના ભારતના પ્રથમ પંક્તિના સંકારી ગણાતા પુરષોમાં ગણના થઈ શકે એવી તેની યોગ્યતા હતી. તે સાહિત્ય, કલા અને વિધાનો ઉપાસક હતો. તેનાં દરબારના નવ રત્નો નીચે પ્રમાણે હતાં :

1. ટોડરમલ : મહેસુલ પદ્ધતિ(જમાબંધી)નો નિષ્ણાત

2. માનસિંહ : સુપ્રસિદ્ધ સેનાધ્યક્ષ

3. અબુલ ફઝલ : મહાન ઈતિહાસલેખક, ‘આઇને અકબરી’ અને ‘અકબરનામાં ‘નો લેખક

4. ફેઝી : સિદ્ધહસ્ત કવિ અને સંસ્કૃત સાહિત્યનો સમર્થ વિદ્વાન

5. બદાયુની : ‘મુન્નાખધું તવારીખ’નો લેખક, ‘રામાયણ’ અને ‘મહાભારત’નો ફારસીમાં અનુવાદ કરનાર 6. તાનસેન : ભારતીય સંગીતનો સુપ્રસિદ્ધ ગાયક

7. મુલ્લાં દ્રોજા : વિનોદી વૃત્તિ અને કુશાગ્ર બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ 8. બિરબલ : પ્રખર બુદ્ધિચાતુર્ય ધરાવનાર વ્યક્તિ

9. હકીમ હુમાન : પ્રસિદ્ધ વૈધરાજ

### 7. ટૂંક નોધ લખો : અકબરની રાજપૂતો તરફની નીતિ

➢ અકબર ચુસ્ત સામ્રાજ્યવાદી હતો. સમગ્ર ભારત પર પોતાની એકચક્રી સત્તાની સ્થાપના કરવાની તેની મહેચ્છા હતી. આ મહેચ્છા પૂરી કરવા તેણે ઉદાર રાજપૂત નીતિ અપનાવી. અકબરે ઈ. સ. 1562માં મારવાડના

મેડતાનો કિલ્લો કબજે કર્યો. એ જ વર્ષમાં જ્યારે તે અજમેરના પ્રખ્યાત સંતપુરુષ ખ્વાજા મોઇનુદીન ચિસ્તીના મકબરાની યાત્રાએ ગયો ત્યારે આમેરના રાજા બિહારીમલે અકબરની સાર્વભૌમ સત્તાનો સ્વીકાર કર્યો અને પોતાની પુત્રી જોધાબાઈનું લગ્ન અકબર સાથે કર્યું. અકબરે રાજા બિહારીમલ, તેના પુત્ર ભગવાનદાસ અને પૌત્ર માનસિહની અગત્યનાં સ્થાનોએ નિમણૂક કરી.

- અકબરની આ પ્રકારની ઉદારતા અને દૂરંદેશીભરી નીતિને લીધે મુઘલ સામ્રાજયને મધ્યયુગના શ્રેષ્ઠ સેનાપતિઓ અને રાજપુરુષોની સેવા પ્રાપ્ત થઈ.. અકબરે ગોંડવાના અને ચિતોડ કબજે કરતાં રાજપૂતોનું પીઠબળ ભાંગી ગયું અને રણથંભોર, કાલિજર, બિકાનેર તથા જેસલમેરના રાજપૂત રાજ્યો અકબરને તાબે થઈ ગયાં. અકબરે તેમની સ્વતંત્રતા માન્ય રાખીને તેમને ઉચ્ચ અધિકારપદે સ્થાપ્યો. આમ, અકબરની ઉદાર અને દૂરંદેશીભરી રાજપૂત નીતિને લીધે મુઘલ સામ્રાજયનો વિકાસ થયો અને તેનાં મૂળ ઊડી ગયાં. આ હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય પણ થયો.

## 8. ટૂંક નોંધ લખો : દીને-ઈલાહી

- ઈ. સ. 1575નું વર્ષ અકબરની ધાર્મિક નીતિમાં વિશે મહત્ત્વ ધરાવે છે. આ વર્ષે તેણે ફતેહપુર સીકરીમાં 'ઇબાદતખાના' (પ્રાર્થનાગૃહ)નું મકાન બંધાવ્યું. શરૂઆતમાં તેમાં મુસ્લિમ ધર્મગુરુઓને બોલાવવામાં આવતા હતા. સંકુચિત અને રૂઢિચુસ્ત ઉલેમાઓ ઇસ્લામનો સાચો અર્થ આપવાને બદલે એકબીજા પર આક્ષેપો અને પ્રતિઆક્ષેપો કરતા રહ્યા. પરિણામે અકબર થોડા સમય પછી દર શુક્રવારે હિન્દુ, જૈન, પારસી ખ્રિસ્તી વગેરે ધર્મના પંડિતોને પણ ત્યાં બોલાવવા લાગ્યો. અકબર તેમનું બહુમાન કરી તેમનો ઉપદેશ સાંભળતો. દરેક ધર્મના પંડિતોને તો એમ જ લાગતું કે સમ્રાટ અકબરે તેમના ધર્મનો અંગીકાર કર્યો છે. પરંતુ અકબરે કોઈ ધર્મનો સ્વીકાર કર્યો ન હતો. અકબરે દરેક ધર્મના મૂળ તત્ત્વો ગ્રહણ કર્યા હતાં.
- ફતેહપુર સીકરીના ઇબાદતખાના'ની ચર્ચાને પરિણામે અકબરે સર્વધર્મનાં વિશિષ્ટ તત્ત્વોને લઈ એક નવા જ ધર્મની સ્થાપના કરી. તેને 'દીને - ઈલાહી' નામ આપવામાં આવ્યું. લોકો તેને 'સર્વદોહન' ધર્મના નામે ઓળખતા હતા. અકબર પોતે આ ધર્મનો પ્રથમ ખલીફા બન્યો. આ ધર્મના પ્રચાર માટે અકબરે કોઈ પણ પ્રકારના દબાણનો ઉપયોગ કર્યો ન હતો, એ બાબત નોંધપાત્ર છે. 'દીન-ઈલાહી' એ વખતના ભારતમાં પ્રચલિત બધા જ ધર્મનું પ્રતિબિંબ પાડતો હતો. તેની સ્થાપનાનો હેતુ ધાર્મિક ઝઘડાઓનો અંત લાવી દેશમાં ધર્મ દ્વારા રાજકીય એકતા સ્થાપવાનો અને સામ્રાજયને શક્તિશાળી બનાવવાનો હતો. દીન-ઈલાહીની સ્થાપના અકબરની 'સર્વધર્મસમભાવ'ની નીતિનું જ પરિણામ હતું. અકબરના અવસાન પછી આ ધર્મ નામશેષ થઈ ગયો.

## 10. નૂરજહાંનું વ્યક્તિત્વ આલેખો.

- મુઘલ ઈતિહાસના રંગમંચ પર જે મહત્ત્વનાં પાત્રો આવ્યાં તેમાં નૂરજહાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. જહાંગીર અને નૂરજહાંનું લગ્ન એ મુઘલ ઈતિહાસનો એક મહત્ત્વનો પ્રસંગ હતો. ઈ. સ. 1622માં નૂરજહાંના પિતાનું અવસાન થતાં તેની મહત્ત્વાકાંક્ષા અને સત્તાલાલસા પર અંકુશ રાખનાર કોઈ રહ્યું નહિ. કારકિર્દીનાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન શહેનશાહ જહાંગીરને તેણે સંપૂર્ણપણે પોતાને વશ કરી લીધો હતો. જહાંગીરના અવસાન બાદ પણ કાયમને માટે પોતાના જ હાથ મા સતા રહે તેવા પ્રયત્નો અને કાવાદાવા તેણે કર્યા. ઈરાનના શાહ અબાસે

ઇ.સ. 1622 માં યુક્તિ પ્રયુકતિથી મુઘલ સુબેદાર પાસેથી કંદહાર કિલ્લાનો કબજો લઈ લીધો. તેથી તે પાછો મેળવવા માટે નુરજહાંએ શાહજહાંના નેતૃત્વ હેઠળ મોટી ફૌજ મોકલવાનું જહાંગીરને સૂચન કર્યું..

- પરંતુ શાહજહા પોતાને ભારતની બાર મોકલવાની નુરજહાંની રમત સમજી ગયો. તેથી તેણે કંદહાર પર ચઢાઈ કરવા જવાનો ઇક્રાર ક્યોં અને પિતા સામે બળવો કર્યો. ઈરાનીએ કંદહાર જીતી લીધું. આમ મુઘલોએ કાયમને માટે કંદહાર ગુમાવ્યું. જહાંગીર એશઆરામી અને વ્યસની હતો. આથી રાજ્યકારભાર નૂરજહાં જ સંભાળતી. લશ્કરી વ્યવસ્થા શાહજાદા ખુર્રમ (શાહજહાં) સંભાળતો.
- જહાંગીર પછી દિલ્લી દરબારમાં કાયમને માટે પોતાનું જ વર્ચસ્વ રહે તે હેતુથી નૂરજહાંએ શાહ જાદા ખુર્રમ સાથે પોતાની ભત્રીજી મુમતાજમહેલને પરણાવી. ખુર્રમને મેવાડે, દખણ અને કાંગરામાં વિજયો મળતાં તેની લોકપ્રિયતા ખૂબ વધી ગઈ. તેથી સ્વાભાવિક રીતે નૂરજહાંને ચિંતા થવા લાગી. તેણે પોતાની (શેર અફઘાનથી થયેલી) પુત્રીને જહાંગીરના બીજા શાહજાદા સાહરિયાર સાથે પરણાવી. તેને ગાદી અપાવીને તેના ઓઠા નીચે તે પોતાની સત્તા કાયમ રાખવા માગતી હતી. પરંતુ નૂરજહાંનો એક પણ દાવ સફળ થયો 3 જહાંગીરનું અવસાન થતાં શાહજહાં ગાદી પર આવ્યો. તે પછી નૂરજહાંએ રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. શાહજહાંના સમયને

### 11. ''મુઘલ યુગનો સુવર્ણયુગ'' શાથી કહે છે?

- ઈ. સ. 1627માં જહાંગીરનું અવસાન થતાં આગરા મુકામે શાહજહાંનો રાજ્યાભિષેક થયો. શાહજહાંના સમયમાં મુઘલ સામ્રાજ્યની જાહોજલાલી સોળે કળાએ ખીલી ઊઠી. ઇતિહાસકાર એલ્ફિન્સ્ટન નોંધે છે કે, શાહજહાંનો સમય ભારતમાં સૌથી વધુ સમૃદ્ધ યુગ હતો. ઈતિહાસકારો શાહજહાંના સમયને 'મુઘલાઈનો સુવર્ણયુગ' કહીને બિરદાવે છે. શાહજહાએ કુલ 30 વર્ષ શાસન કર્યું.
- આ સમૃદ્ધિના યુગમાં બધાં જ સાધનોનો ઉપયોગ કરીને પ્રજાને સુખ આપવાનો પ્રયત્ન કર્યો. તે જાણતો હતો કે બુદ્ધિશાળી અને પ્રામાજિક અમલદારોને રાજ્યવહીવટે સૌપવાથી પ્રજાનું કલ્યાણ થઈ શકે છે. હિસાબ પર તે યોગ્ય ધ્યાન આપતો અને ખેડુતોની તેને ખાસ ચિંતા રહેતી હતી. અકબરના સમયથી ચાલી આવતી મોડલ પદ્ધતિ તેણે ચાલુ રાખી હતી. શાહજહાંએ સિંચાઈ માટેની નહેરોની નવેસથી મરામત કરાવી રાવી નદીમાંથી બીજી નવી નહેરોનું નિર્માણ કરાવ્યું હતું. વેપાર અને વાણિજ્યના વિકાસ માટે તેમજ સમા સામ્રાજ્યમાં શાંતિ જાળવવા માટે તેણે પ્રામાણિક અને મહેનનું અધિકારીઓની નિમણૂક કરી હતી.
- શાહજહાંના યુગમાં યુદ્ધો અને ભવ્ય ઇમારતોની પાછળ લખલૂટ ખર્ચ કરવામાં આવ્યો હતો, છતાં તેના અવસાન સમયે મુઘલ સામ્રાજ્યની તિજોરી ખાલી ન હતી. આ હકીકત શાહજહાંના યુગની સમૃદ્ધિ પુરવાર કરે છે. શાહજહાં આરામપસંદ સમ્રાટ હતો, છતાં આંતરિક શાસન તરફ તેણે હંમેશાં જાગૃતિ રાખી હતી. તેણે શાસનતંત્રને કદી શિથિલ થવા દીધું ન હતું. તે વારંવાર તેમાં જરૂરી સુધારા કર્યા કરતો. શાહજહાં ખંતીલો અને આગ્રહી સુલતાન હતો. તે હાથમાં લીધેલાં પ્રજા કલ્યાણના કાર્યો સારી રીતે પાર પાડતો હતો. સત્તાપ્રાપ્તિ પૂર્વે તેણે મેળવેલાં વિજયો અને પ્રતિષ્ઠાને કારણે તે વધુ આત્મવિશ્વાસવાળો બન્યો હતો.

### 12. શાહજહાંનો સમય 'જાહોજલાલીનો સમય' શાથી કહેવાય છે?

- સામાન્ય રીતે જે સમયમાં પ્રજાને શાંતિ અને સલામતી મળી રહે, રાજ્યમાં આંતરિક શાંતિ હોય અને બાહ્ય આક્રમણથી રાજ્ય સુરક્ષિત હોય, પ્રજા અને રાજ્ય સમૃદ્ધ હોય, ઉદ્યોગોનો વિકાસ થયો હોય તથા સાહિત્ય,

વિજ્ઞાન અને કલાના ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થયેલ હોય તેને જાહોજલાલીનો સમય' કહેવાય. ભારતે પ્રાચીન સમયમાં ગુપ્તયુગ દરમિયાન જાહોજલાલીનો જે અનુભવ કર્યો હતો તેવો જ અનુભવ મુઘલ યુગ દરમિયાન શાહજહાંના સમયમાં કર્યો હતો.

- મુઘલ સામ્રાજ્યની 6ઢ સ્થાપના એ કબરે કરી હતી. જહાંગીરે એ વ્યવસ્થાને અકબંધ રાખવાનો પ્રયત્ન કર્યો હતો. શાહજહાંએ પણ અંગત રસ લઈને શાસનતંત્ર પર દેખરેખ રાખી હતી. શાસનની શરૂઆતમાં જે કોઈ યુદ્ધો થયાં હતાં તે માત્ર સામાન્ય વિસ્તારને માટે જ થયા હતાં. તેના કારણે સામાન્ય જનતાની શાંતિ કે સલામતી જોખમાઈ ન હતી. ભારત ખેતીપ્રધાન દેશ છે. શાહજહાંએ કૃષિ અને ખેડૂતોને ઉત્તેજન આપીને રાજ્યની સમૃદ્ધિ વધારવાની નીતિ અપનાવી હતી.
- તેણે નહેરો નું બાંધકામ કરાવ્યુ હતું. તેના સમય મા રાવી નદી અને જમના નદીમાથી નહેરો કાઢવામાં આવી હતી. વેપાર વાણિજ્યના વિકાસ માટે શાક જામ યોગ્ય વ્યવસ્થા કરી હતી. તેણે વેપારને સુરક્ષિત કરવા માટે સરાઈ(ધર્મશાળા)ઓને વ્યવસ્થિત બનાવી હતી. અને તેમાં દરેક પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. વેપારના વિકાસને લીધે ઉદ્યોગોનો પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. શાહજહાંએ પણ જહાંગીરની જેમ ન્યાયી બાદશાહ તરીકેની નામના મેળવી હતી. તેના સમયમાં ભારતના પ્રવાસે આવેલા યુરોપીય મુસાફરોએ એના કઠોર ન્યાય અને કુશળ વહીવટની ખૂબ પ્રશંસા કરી છે.
- ઈ. સ. 16136માં ગુજરાત અને દક્ષિણ ભારતના કેટલાક પ્રદેશોમાં સતત બે વર્ષ સુધી દુષ્કાળ પડ્યો હતો. શાહજહાંએ આ દુષ્કાળમાં લોકોને અનાજ તેમજ પ્રાણીઓ અને પશુઓને ઘાસચારો પહોંચાડવાના અનેક પ્રયત્નો કર્યા હતા. શાહજહાંના યુગમાં હિંદી ભાષા અને સાહિત્યનો વિકાસ સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો. સંગીત અને નૃત્યકલા જેવી લલિતકલાઓનો પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. શાહજહાં ધર્મની બાબતમાં અકબર કે જહાંગીર જેવો ઉદાર ન હતો. તેણે અકબરે કાઢી નાખેલો યાત્રાળુવેરો ન લાગુ કર્યો હતો. તેણે સુન્ની સંપ્રદાયના પ્રચાર માટે વધુ પડતો ઉત્સાહ બતાવ્યો, પરિણામે હિન્દુઓ, શિયાપંથીઓ અને ખ્રિસ્તીઓ નારાજ થયા હતા.
- શાહજહાંએ સવ્ય ઈમારતોના બાંધકામમાં, દબદબાભર્યા દેખાવો કરવામાં, ભવ્ય જલસાઓમાં, અમીર-ઉમરાવોનો અમનચમનમાં તથા દક્ષિણ ભારત પરના બ9ષ્ટ્ર અને કંદહારના વિગ્રહોમાં રાજ્યના ખજાનામાંથી પુષ્કળ ધન ખર્ચી નાખ્યું હતું. આ ખર્ચાઓને પહોંચી વળવા માટે શાહજહાંએ કરવેરાઓ વધાર્યા હતા, જેના પરિણામે આમપ્રજા પર કરવેરાનું ભારણ વધ્યું હતું. દુષ્કાળને પરિણામે પણ રાજ્યની આર્થિક સ્થિતિ નબળી પડી હતી.

### 13. ટૂંક નોંધ લખો : ઔરંગઝેબની દક્ષિણ ભારત તરફની નીતિ

- ઈ. સ. 1682થી 1707 સુધી (આશરે 25 વર્ષ) ઓરંગઝેબ દક્ષિણ ભારતમાં જ રોકાયેલો રહ્યો અને અહી જ તેની કારકિર્દીનો અંત પણ આવ્યો. ઔરંગઝેબના શાસનની શરૂઆતમાં છત્રપતિ શિવાજી મહારાજની નેતાગીરી હેઠળ દક્ષિણ ભારતમાં મરાઠી સત્તાનો ઉદય થયો હતો. ઈ. સ. 1674માં છત્રપતિ શિવાજીરને સ્વતંત્ર રાજા તરીકે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો હતો. શિવાજીના અવસાન પછી ઓરંગઝેબ દક્ષિણમાં આવ્યો હતો. બિજાપુર અને ગોવલકોંડામાં શિયાપંથી સુલતાનો રાજ્ય કરતા હોય ઔરંગઝેબે આ બંને રાજ્યોને પરાજય આપી પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં.

- દક્ષિણ ભારતમાં મરાઠા સરદારોને પોતાની સત્તાનો વિકાસ કરવાની તક મળી હતી. ઔરંગઝેબ મરાઠાઓને નમાવવા માંગતો હતો. તેણે ઈ. સ. 1689માં શિવાજીના પુત્ર એભાજીને પરાજય આપી કેદ કર્યો અને તેનો વધ કરવામાં આવ્યો. ઔરંગઝેબે ઈ. સ. 1704 સુધીમાં સતારા, પન્હાલા, બાગલાણ, રાયગઢ વગેરે પર કબજો કરી લીધો હતો. આમ છતાં, તે મરાઠાઓને સંપૂર્ણ પરાજય આપી શક્યો નહિ.